અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

**નગર વિકાસ ખાતુ, મધ્યસ્થ કચેરી**

વર્ષ:-૨૦૨૫-૨૦૨૬

# Draft Policy

## નેટ કવર્ડ સ્પોર્ટસ એક્ટીવીટી માટેના વિનિયમો/ કાર્યપધ્ધતિ (મુસદ્દો)

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હદ વિસ્તારમાં પિકલ બોલ/ બોક્ષ ક્રિકેટ તેમજ તે પ્રકારની નેટ કવર્ડ સ્પોર્ટસ એક્ટીવીટીના પરવાના મેળવવા માટે નીચે મુજબની જોગવાઈ તથા કાર્યપધ્ધતિ અનુસરવાની રહેશે.

(1) અ.મ્યુ.કો. હદ વિસ્તારમાં હાલમાં પિકલ બોલ/ બોક્ષ ક્રિકેટ તેમજ તે પ્રકારના નેટ કવર્ડ સ્પોર્ટસ એક્ટીવીટી માટે સદર વિનિયમો તથા કાર્યપધ્ધતિ અમલી થયેથી ૩૦(ત્રીસ)-દિવસ સુધીમાં અ.મ્યુ.કોર્પો. ખાતે સૂચવે તે રીતે અરજી કરવાની રહેશે.

(2) પિકલ બોલ/ બોક્ષ ક્રિકેટ તેમજ તે પ્રકારની નેટ કવર્ડ સ્પોર્ટસ એક્ટીવીટી અંગે અરજદાર/ માલીક/ સંચાલકશ્રી દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના નગર વિકાસ ખાતા દ્વારા નિયત કરવામાં આવેલ ફોર્મમાં અ.મ્યુ.કો.ના નગર વિકાસ ખાતે રજીસ્ટર્ડ થયેલ એન્જિનિયર અથવા ક્લાર્ક ઓફ વર્કસ તથા સ્ટ્રક્ચરલ એન્જીનિયરની નિમણુંક કરી નીચે જણાવ્યા મુજબનાં જરૂરી અભિપ્રાય/ એન.ઓ.સી. સહિતની અરજી સહિત જરૂરી પૂર્તતા સહ અ.મ્યુ.કોર્પો સૂચવે તે મુજબ કરવાની રહેશે.

- પોલીસ એન.ઓ.સી.
- ફાયર અભિપ્રાય.
- પ્રોપર્ટી ટેક્ષ વિભાગની એન.ઓ.સી.
- કોમર્શીયલ/ બહુહેતુક ઉપયોગની બિનખેતી પરવાનગી.
- માલિકીના પૂરાવા (ગામ નમુના નં.૭/૧૨, પ્રોપર્ટી કાર્ડ, તથા અન્ય લાગુ પડતા પૂરાવા(લાગુ પડતા કેસમાં લાગુપ્લોટ/ સોસાયટીના માલીક/ વહીવટકર્તા વિગેરેના સંમતિ પત્ર); માલિક સિવાયના કિસ્સામાં માલીક સાથે કરેલ કરારની કોપી
- લાગુ પડતા કિસ્સામાં એરપોર્ટ એન.ઓ.સી. રજુ કરવાની રહેશે.
- અન્ય લાગુ પડતા તમામ અભિપ્રાય/ એન.ઓ.સી./ લાયસન્સ/ મંજુરીઓ જરૂરી હોય તે મુજબ.

DRAFT

- ઉક્ત પધ્ધતિમાં સરળતા માટે મ્યુનિ. કમિશનરશ્રી જરૂરી ફેરફાર ઉમેરો/ સુધારો કરી શકશે/ સૂચવી શકશે.

**(૧) <u>પ્લાનીંગ પ્રોવિઝન અંગે:</u>**

- ૧૨.૦૦મી. કે તેથી વધુ પહોળાઈના રસ્તા પર સદર પરવાનો મળવાપાત્ર રહેશે.
- ૫૦૦.૦૦ ચો.મી. થી વધુ ક્ષેત્રફળ વાળા પ્લોટમાં સદર પરવાનો મળવાપાત્ર રહેશે.
- પિકલ બોલ/ બોક્ષ ક્રિકેટ તેમજ તે પ્રકારના નેટ કવર્ડ સ્ટ્રક્ચરની મહત્તમ ઊંચાઈ ૧૨.૦૦ મી. મળવાપાત્ર રહેશે.
- રોડ સાઈડ માર્જીન મીનીમમ ૬.૦૦ મી. મુજબ તથા મીનીમમ સાઇડ માર્જીન ૩.૦૦ મી. રાખવાનું રહેશે.
- સરકારી તથા અર્ધસરકારી તથા ટી.પી.રોડ રસ્તા પૈકીની જગ્યામાં કોઈ પણ પ્રકારનું બાંધકામ કે ઉપયોગ સૂચવી/ દર્શાવી શકાશે નહી.
- નેટ કવર્ડ એરીયા, સ્ટોર, સેનેટરી પ્રોવિઝન તથા અન્ય કોઈ પણ પ્રકારના સ્ટ્રક્ચરની ફરતે યોગ્ય રીતે ખુલ્લી જગ્યા રાખવાની રહેશે. સદર ખુલ્લી જગ્યામાં કોઇ પણ પ્રકારનું સ્ટ્રક્ચર, પાર્કીંગ વ્યવસ્થા કે અન્ય કોઇ પણ પ્રકારનો અવરોધ ન થાય તે મુજબ આયોજન કરવાનું રહેશે.
- કુલ પ્લોટ એરીયાના મીનીમમ ૫૦% પાર્કીંગ મુકવાનું રહેશે.
- પ્લોટની હદ ઉપર મીનીમમ ૩.૦૦ મીટર ઊંચાઈના યોગ્ય મજબુતાઈ ધરાવતા બેરીકેડ(પતરા) લગાવવાના રહેશે.
- ટેમ્પરરી નેટ કવર્ડ સ્પોર્ટસ એક્ટીવીટીના ગ્રાઉન્ડ કવરેજના પ્રતિ ૧૦૦ ચો.મી. દિઠ ૧(પુરુષ) અને ૧(મહિલા) ટોઇલેટ/વોટર ક્લોસેટ તથા ૧ (યુરીનલ) નું પ્રોવિઝન કરવાનું રહેશે.
- નેટથી કવર્ડ કરેલ એરીયામાં સહેલાઇથી અવર-જવર થઇ શકે તે મુજબ નેટ કવર્ડ સ્ટ્રક્ચરની દરેક બાજુએ ૨.૨૦ મી. (ઊંચાઈ) X ૧.૨૦ મી. (પહોળાઈ)ની ઓછામાં ઓછી એક એન્ટ્રી તથા એક એક્ઝીટ સ્પેસ રાખવાની રહેશે.
- નેટથી કવર્ડ સ્પોર્ટસ એરીયાનો વપરાશ કર્તાઓ માટેનો જ ટેમ્પરરી સ્ટ્રકચરનો મહત્તમ L x B = 3.0 મી. X 3.0 મી. નો સ્ટોર/ સ્ટોલ મળવાપાત્ર રહેશે.

- જરુરી તમામ સાઈનેજીસ રાખવાના રહેશે.(દા.ત. એન્ટ્રી, એક્ઝીટ, વોશરૂમ, ફાયર ઈક્વીપમેન્ટ, પાર્કિંગ વિગેરે)
- કોઇપણ કાયમી/ પાકા સ્ટ્રક્ચરનું બાંધકામ મળવાપાત્ર રહેશે નહી.
- કંટ્રોલ લાઇન: સી.જી.ડી.સી.આર.-૨૦૧૭ ના ચેપ્ટર નં.૨૦ મુજબ જરુરી એન.ઓ.સી./કંટ્રોલ લાઇન દર્શાવવાની રહેશે.
- એન્ટ્રી/ એક્ઝીટ સાથે સમ્રગ પ્રિમાઈસીસને આવરી લે તે રીતે જરૂરી હોય તે મુજબ/ પોલીસ વિભાગ સૂચવે તે મુજબના હાઈ રીઝોલ્યુશન સી.સી.ટી.વી. કેમેરા ઈન્સટોલ કરવાના રહેશે. જે અંગે જરૂર હોય તે મુજબ કન્ટ્રોલ રૂમ કમ ઓફિસ મહત્તમ L x B = 3.00 મી. X 3.00 મી. ની સાઈઝની મંજૂરીપાત્ર રહેશે.
- ઉક્ત નિયમોમાં સ્થળસ્થિતિને આધિન જરૃરિયાત મુજબ માન. મ્યુનિસિપલ કમિશનરશ્રીને છુટછાટ માટેની સત્તા રહેશે.

**<u>(૨) મંજુરી અંગે:-</u>**

- મંજુરી અર્થે અ.મ્યુ.કોર્પો સૂચવે તે કચેરી ખાતે પિક્લ બોલ/ બોક્ષ ક્રિકેટ તેમજ તે પ્રકારના નેટ કવર્ડ સ્પોર્ટસ એક્ટીવીટી અંગેના પરવાના માટેનું ફોર્મ તથા લાગુ પડતા જરુરી તમામ અભિપ્રાય, એન.ઓ.સી./ મંજુરી સહની અરજી રજૂ થયેથી તેની ચકાસણી કરી દિન-૧૪(ચૌદ)માં સંબધિત ઈન્સપેક્ટરશ્રી અને મદદનીશ નગર વિકાસ અધિકારી કક્ષાએ સ્થળ તપાસ કરી, સ્થળ પરિસ્થિતિની ખાતરી કરી લેવાની રહેશે તથા ત્યારબાદ નાયબ નગર વિકાસ અધિકારીશ્રી(સંબધિત કચેરી)ની મંજુરી મેળવી, સંબધિત ઈન્સપેક્ટરશ્રીએ વન ટાઇમ લાયસન્સ ફી(એક વર્ષ માટે)નું ચલણ માલીક/ સંચાલકશ્રીને પાઠવવાનું રહેશે. વન ટાઇમ લાયસન્સ ફી(માત્ર એક વર્ષ માટે) અ.મ્યુ.કો. ખાતે નિર્ધારીત બજેટ હેડમાં જમા કરાવ્યા અંગેની રીસીપ્ટ રજુ કર્યેથી પરવાનો ઇસ્યુ કરવામાં આવશે.
- પરવાનાની મુદ્દત પુર્ણ થવાના 30(ત્રીસ) દિવસ પહેલા રીવાઈઝ પરવાનો મેળવવા અરજી કરવાની રહેશે. તેનો ૭(સાત) દિવસમાં નિકાલ કરવાનો રહશે. સ્થળે રીન્યુઅલ મંજુરી મળ્યેથી વપરાશ કરી શકાશે.

**(3) <u>ફી/ ચાર્જીસ અંગે:-</u>**

- આ સાથે સામેલ કરેલ એનેક્ષર – બી મુજબની વન ટાઈમ લાયસન્સ ફી વસુલ લેવાની રહેશે.

**(૪) બાંધકામ(હંગામી સ્ટ્રકચર) પૂર્ણ થયેથીઃ**

અરજદાર/ માલિક દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના નગર વિકાસ ખાતા દ્વારા એનેક્ષર-ડી મુજબના બાંધકામ(હંગામી સ્ટ્રકચર)ના વપરાશ અંગેના ફોર્મમાં બાંધકામ(હંગામી સ્ટ્રકચર)નાં Erection

કરવા માટેનાં મંજુરીનાં પ્રકરણે નિમણુંક કરેલ અ.મ્યુ.કો.ના નગર વિકાસ ખાતે રજીસ્ટર્ડ થયેલ એન્જીનિયર/ ક્લાર્ક ઓફ વર્કસ અને સ્ટ્રક્ચર એન્જીનિયરનાં સહિ-સિક્કા સાથે જરૂરી અભિપ્રાય/ એન.ઓ.સી. સહિતની અરજી સંબધિત કચેરી ખાતે રજૂ કરવાના રહેશે.

- પ્લાન/લાઈન સ્કેચ ના ૪(ચાર) સેટ.(માલિક/ સંચાલકશ્રી તથા PORના સહીસિક્કા સાથે)
- ફાયર એન.ઓ.સી.
- અ.મ્યુ.કો.ના રજીસ્ટર્ડ સ્ટ્રકચરલ એન્જીનિયર દ્વારા પ્રમાણિત સ્ટ્રક્ચરલ સ્ટેબીલીટી સર્ટીફીકેટ.
- સ્થળસ્થિતિના ફોટોગ્રાફ.
- પ્રોપર્ટી ટેક્ષ એન.ઓ.સી.

ઉપરોક્ત મુજબની પૂર્તતા થયેથી નીચે મુજબની શરતોએ પિક્લ બોલ/ બોક્ષ ક્રિકેટ તેમજ તે પ્રકારના નેટ ક્વર્ડ સ્પોર્ટસ એક્ટીવીટીનાં વપરાશ માટેનો સંબંધિત ઓફિસ દ્વારા પરવાનો આપવાનો રહેશે.

**શરતો:-**

1) પોલીસ વિભાગ દ્વારા આપવામાં આવેલ એન.ઓ.સી.માં જણાવ્યા મુજબના સમય દરમ્યાન વપરાશ કરી શકાશે.
2) અરજદાર/માલિક દ્વારા પિકલ બોલ/ બોક્ષ ક્રિકેટ જેવા નેટ કવર્ડ સ્પોર્ટસ એક્ટીવીટીની પરવાનગી અંગે રજૂ કરેલ નોટરાઇઝડ બાંહેધરીમાં જણાવેલ વિગતો/ શરતોનું આવશ્યકપણે પાલન કરવાનું રહેશે.
3) પ્લોટમાં કોઈપણ પ્રકારનું કાયમી સ્ટ્રક્ચર/ પાકું બાંધકામ મળવાપાત્ર રહેશે નહિ.
4) અરજદારે નિયત/ પૂરતી જગ્યા પાર્કિંગ માટે ખુલ્લી રાખવાની રહેશે તથા પ્લોટથી બંન્ને તરફના ૫૦.૦૦મી. સુધીના રોડ ઉપર ટ્રાફિકનાં સંચાલન તથા સલામતીનાં કારણોસર સીક્યુરીટીની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે તથા રોડ ઉપર પાર્કિંગ ન થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે જે અંગે જરૂરી

સ્ટાફ/ સીક્યુરીટી ગાર્ડની વ્યવસ્થા કરવાની રહેશે તથા અરજદાર દ્વારા પાર્કિંગ અંગેનો કોઇ ચાર્જ વસુલ કરી શકાશે નહી.

5) મળેલ પરવાનગી અનુસારનું જ બાંધકામ/વપરાશ કરી શકાશે.

6) વપરાશકર્તાઓએ સલામતી/ સુરક્ષા માટે જરૂરી વ્યવસ્થા ગોઠવવાની રહેશે. તથા સુચારુરૂપ જરૂરી સંચાલન થાય તે માટે તેમ જરૂરી સુરક્ષા વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

7) તેમજ વિજળી કરંટ/ અકસ્માત/ પૂર/ વરસાદ/ વાવાઝોડું/ આગ/ લુંટફાટ/ ધક્કામુક્કી/ નાસભાગ કે અન્ય કોઇપણ પ્રકારના કુદરતી કે માનવસર્જીત હોનારત કે અકસ્માતમાં જાનમાલનું કે કોઈ અન્ય નુકશાન થશે તો તે સંપૂર્ણ જવાબદારી અરજદાર/ માલિક/ સંચાલકની રહેશે. જે અંગે અ.મ્યુ.કો.ની કે તેના અધિકારી/ કર્મચારીશ્રીની કોઇપણ પ્રકારની જવાબદારી રહેશે નહી.

8) પ્રતિબંધિત વસ્તુઓનું વેચાણ કે વપરાશ કરી શકાશે નહી.

9) પિકલ બોલ/ બોક્ષ ક્રિકેટ તેમજ તે પ્રકારના નેટ કવર્ડ સ્પોર્ટસ એક્ટીવીટીના પરવાના બાબતે વસુલ લેવામાં આવેલ વન ટાઇમ લાયસન્સ ફી(માત્ર એક વર્ષ માટે), સદર પ્લોટમાં રજૂ થતા અન્ય કોઈપણ પ્રકારના વિકાસ પરવાનગીના કીસ્સામાં મજરે મળવાપાત્ર રહેશે નહી.

10) સદર પરવાનો અ.મ્યુ.કો./ સક્ષમ સત્તા દ્વારા રદ કરવામાં આવે/ વપરાશ સ્થગિત કરવામાં આવે તેવા કીસ્સામાં વસુલ લેવામાં આવેલ વન ટાઇમ લાયસન્સ ફી પરત કરવામાં આવશે નહી તથા તે અંગે કોઈ વાદ/વિવાદ તકરાર કે લીટીગેશન અરજદાર દ્વારા કરવામાં આવશે નહી, કે કોઇપણ પ્રકારનાં આર્થિક નુક્શાનીના બદલામાં વળતર/રાહતની માંગણી અ.મ્યુ.કો. દ્વારા ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

11) મળેલ મંજુરી/ પરવાનો અરજદાર/માલિકને આપેલ હોય તેણે જ ઉપયોગ કરવાનો રહેશે તથા પરવાનો અ.મ્યુ.કો.ની પરવાનગી સિવાય તબદીલ કરી શકાશે નહી.

12) સમયાંતરે લાગુ પડતી તમામ એન.ઓ.સી./ અભિપ્રાય મેળવી રજુ કરવાના રહેશે.

13) લાઈસન્સની મુદ્દતના 30(ત્રીસ) દિવસ પહેલા રીન્યુઅલ માટે પ્રતિ વર્ષે અ.મ્યુ.કો.ના રજીસ્ટર્ડ સ્ટ્રક્ચરલ એન્જીનીયર દ્વારા નિયત પરફોર્મામાં (એનેક્ષર-A2) પ્રમાણિત સ્ટ્રક્ચરલ સ્ટેબીલીટી સર્ટીફીકેટ રજુ કરાવી, રીન્યુઅલ ફી ભરી, પરવાનો રીન્યુ કરાવી શકશે.

14) પિકલ બોલ/બોક્ષ ક્રિકેટ તેમજ તે પ્રકારના નેટ કવર્ડ સ્પોર્ટસ એક્ટીવીટી માટે આપવામાં આવેલ પરવાનાની નકલ તથા પ્લાન/ સ્કેચ સાઈટ પર નોટિસ બોર્ડ ઉપર જાહેરમાં જોઈ શકાય તે રીતે દર્શાવવાની રહેશે.

15) સદર માર્ગદર્શિકા જાહેર થયા બાદ પિકલ બોલ/બોક્ષ ક્રિકેટ તેમજ તે પ્રકારના નેટ કવર્ડ સ્પોર્ટસ એક્ટીવીટીના પરવાનામાં દર્શાવ્યા પ્રમાણેથી અલગ/ નવું કોઈ બાંધકામ(હંગામી સ્ટ્રકચર) સ્થળે લાયસન્સ મેળવ્યા વગર કાર્યરત કરવામાં આવશે, તો તેવા કિસ્સામાં અ.મ્યુ.કો. દ્વારા પિકલ બોલ/બોક્ષ ક્રિકેટ તેમજ તે પ્રકારની નેટ કવર્ડ સ્પોર્ટસ એક્ટીવીટીને બંધ / સીલ કરવાની કામગીરી હાથ ધરી શકશે. તેમજ લાયસન્સ ઈસ્યુ કરતા સમયે પેનલ્ટી તરીકે રૂ. ૭૫,૦૦૦/- (રૂપિયા પંચોત્તેર

હજાર પૂરા) વસૂલી, લાયસન્સ આપવાની કામગીરી હાથ ધરવામાં આવશે, (લાયસન્સ ની ફી અલગથી વસૂલવામાં આવશે.)

16) આજુબાજુનાં રહીશો કે રાહદારીઓ કે જાહેર ટ્રાફીકને કોઇપણ પ્રકારનું નુક્શાન/ ખલેલ/ અડચણ ન થાય તેની તકેદારી રાખવાની રહેશે તથા તે માટે યોગ્ય સંચાલન / નિયંત્રણ ગોઠવવાનું રહેશે. તથા જાહેર સુરક્ષા, જાહેરહિતના કારણોસર અ.મ્યુ.કોર્પો મંજુરી/ પરવાનો અર્ધવચ્ચેથી રદ કરી શકશે અને તે અંગે કોઈ વાદ-વિવાદ કે તકરાર કે કોર્ટલીટીગેશન કરી શકાશે નહી.
17) ઉપર જણાવેલ કોઇપણ શરતોનો ભંગ થતો માલુમ પડશે તો તેવા કીસ્સામાં આપેલ પરવાનો રદ્દ થવાને પાત્ર થશે તથા આ અંગે અ.મ્યુ.કો.નો નિર્ણય આખરી ગણાશે.
18) લાયસન્સ ટુ યુઝ સર્ટીફિકેટ ઉકત સુચવેલ કોઈપણ શરતનો ભંગ થવાના કિસ્સામાં દિવસ દીઠ રૂ. ૨,૫૦૦/-(અંકે બે હજાર પાંચસો પુરા) દંડ તરીકે વસુલ કરવામાં આવશે.
19) સદર બાબતે જો કોઈ કોર્ટ મેટર કે તકરાર થશે તો તે અંગેની સઘળી જવાબદારી પરવાનો લેનારની રહેશે.
20) વાદ-વિવાદનું ન્યાયિકક્ષેત્ર અમદાવાદ રહેશે.

**(૫) રીન્યુઅલ અંગે:-**

સદરહું પરવાનગીની મુદ્દત માત્ર ૧(એક) વર્ષની રહેશે. ત્યારબાદ સ્ટ્રકચરલ એન્જીનિયરશ્રીના સ્ટ્રકચરલ સ્ટેબીલીટી સર્ટીફીકેટ સાથે અરજી કરીને વપરાશ લાયસન્સ ફી ભરીને રીવાઇઝ પરવાનો મેળવવાનો રહેશે. તેમજ;

1) લાયસન્સ રીન્યુઅલ માટે, અગાઉ આપવામાં આવેલ લાયસન્સની અવધિ પૂર્ણ થાય તેના ૩૦ દિવસ પહેલા અરજી કરવાની રહેશે.
2) રીન્યુઅલ અરજી સમયે સ્ટ્રકચરલ એન્જીનિયરશ્રીના સ્ટ્રકચરલ સ્ટેબીલીટી સર્ટીફીકેટ રજુ કરવાનુ રહેશે.
3) અવધિ પૂર્ણ થયા બાદ લાયસન્સ માટે અરજી કરવામાં આવે તે કિસ્સામાં પ્રતિ દિન રૂ.૫૦૦/- (રૂપિયા પાંચસો પૂરા) પેનલ્ટી તરીકે વસૂલવામાં આવશે.

**(૬) ઉક્ત તમામ વિનિયમો તથા કાર્યપધ્ધતિમાં સમયાંતરે જરૂરી હોય તે મુજબ મ્યુનિસિપલ કમિશનરશ્રી સુધારા/ વધારા/ ફેરફાર/ રદ કરી શકશે.**

**મ્યુનિસિપલ કમિશનર**
(અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન)

DRAFT

**Draft**

## એનેક્ષર – બી

### વન ટાઈમ લાયસન્સ ફી(માત્ર એક વર્ષ માટે)

| અનુ.નં. | વિગત | ફી/ ચાર્જીસ (પ્રતિ ચો.મી.) |
|---|---|---|
| ૧ | a) પૂર્વ મંજુરી મેળવી ઉભા કરવામાં આવતા નેટ કવર્ડ સ્પોર્ટસ એક્ટીવીટી એરીયા(સેનેટરી પ્રોવિઝ્ન તથા ફુડ સ્ટોલનાં એરીયા સાથેનો) માટે | રૂ. ૧૦૦/- |
| | b) હાલ વપરાશ ચાલુ હોય તેવા એક્ટીવીટી એરીયાની સદરહું SOP પ્રસિધ્ધ થયાના 30(ત્રીસ) દિવસમાં અરજી કરવામાં આવેલ હોય તેવા કિસ્સા માટે | રૂ. ૧૦૦/- |
| ૨ | પૂર્વ મંજુરી મેળવ્યા સિવાય ઉભા કરવામાં આવતા નેટ કવર્ડ સ્પોર્ટસ એક્ટીવીટી એરીયા(સેનેટરી પ્રોવિઝ્ન તથા ફુડ સ્ટોલનાં એરીયા સાથેનો) માટે | રૂ. ૨૦૦/- |

- ઉક્ત દર/ ફીમાં દર 3(ત્રણ) વર્ષે 5% નો વધારો સૂચવવાનો રહેશે.
- દર/ ફીનાં ધોરણોમાં વધારા/ ફેરફાર કરવાની સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.

નોંધ : વખતોવખત ઉક્ત ઉપરોક્ત વન ટાઈમ લાયસન્સ ફી ની રકમ નિર્ધારિત કરેલ બજેટ હેડમાં જમા લેવાની રહેશે.

**Draft**

Form

## Application for Use Permission of Net Covered Sports Activity Areas

[See Regulation No. 3.9.1, 3.9.4]

**Ref. Case Number:-** ______________________________

**Commencement Certificate (Rajachitthi) No.:-** ______________________ **Rajachitthi Dtd.:-** __________

**Description of Land :**

TPS No & Name : ______________________________

Final Plot No.: ____________________ SP No.:_______ Block No.:_______ Tenement No.:____________

Moje/ Revenue Village: ____________________ Revenue Survey No.:____________________

Revenue Block No.: ______________________________ Plot No.: ____________________

Gamtal/City survey ward:_______ ____________ Sheet No:_______ City Survey No.:____________________

Other:____________________ Taluka:____________ District: Ahmedabad/____________

Name of Building: ______________________________

Address of Building:______________________________

Opp.:______________________________ Near:______________________________

Locality:______________________________ Ahmedabad, PIN.:____________________

Building unit/Land Admeasuring:____________ Sqmt. in area

To
The Municipal Commissioner.
Ahmedabad Municipal Corporation

Sir/Mm,

This is to notify you that the proposed building(s) Temporary Structure of Net Covered Sports Activity Areas has been completed in compliance with the sanctioned drawings and the General Development Control Regulations.

Enclosed with this application are:
1. Certificates of Undertaking by the Structural Engineer on Record, Clerk of Works on Record (original)
3. Copy of Commencement certificate (Rajachitthi) (self certified)
4. A copy of valid Registration Certificate of the Persons on Record issued by the Competent Authority with professional tax receipt. (Self certified)
5. Copy of latest Approved plan set (self certified)
6. Copy of Structural drawings duly signed by Structural Engineer (POR)(original)
7. Structural Stability certificate duly signed by related Structural Engineer (POR) (original)
8. Clearance from Chief Fire Officer, Ahmadabad, as applicable & mentioned in Schedule No.22.(Fire NOC) (self certified)
9. 2 (Two) set of Completion Plans and as-built drawings related to approved plan, duly certified by the POR;(original)
10. Other attachments if required as per case.

We request that the Building Use Permission be granted to the building. (Temporary Structure) Any subsequent change from the completion drawings will be our responsibility.

| | | |
|---|---|---|
| Signature of Owner/Applicant : | Signature of Engineer/ C.O.W.: | Signature of Structural Engineer (SD) : |
| Name of Owner/ Applicant: | Name of Engineer/ C.O.W.: | Name of Structural Engineer (SD) : |
| | Registration No. : | Registration No. : |
| Address : | Address : | Address : |
| Tel.No.: | Tel.No.: | Tel.No.: |
| Date : | Date : | Date : |

**Draft**

**Letter head of AMC Structure Engineer**

Date.__/__/2025

To,
Dy.TDO/ Dy.Estate Officer (__________ Zone)
AMC, AHMEDABAD

Ref.: ____________________________________________________________________.

Owners Name: - __________________________________________________________.

Name of the Activity Area :- _______________________________________________.

Site Address:- ___________________________________________________________ .

T.P.S.No. :-______________________________________________________________.

F.P.No.- ________________________________________________________________.

R.S No.:-________________________________________________________________.

S.P No.:-________________________________________________________________.

I am possessing current registrations to act as structural designer/structural engineer vide Str. Eng, License No.________________________ of AMC. I am fully conversant to my duties and responsibilities for the building Bay laws, Development control regulations, IS Codes, NBC etc.

I hereby certify that the above located Net Covered Sports Activity Area is designed by me by using latest revised Indian standard Codes like 875, 456, 13920, 1893-2002 etc. I hereby certify that I have inspected the aforesaid site and Structure. I have checked all the structural drawings and details pertaining to the existing structure. I hereby, certify on the basis of my full inspection and investigation that existing structure is stable, safe and sound and it confirms the requirement of structural safety of building/structure as laid down in rule-13 of Annexure X of GDCR (specially relating to natural hazards) and relevant provisions of Indian Standard Code 1893 and other I.S Codes and provision of NBC and general development control Regulations (GDCR).

PLACE : SIGN AND STAMP

DRAFT